# શ્રી અમદાવાદ, કડી, વિજાપુર પરગણા
# શ્રીમાળી સોની ઉત્તેજક મંડળ, અમદાવાદ.

પબ્લીક ટ્રસ્ટ રજી. નં. એ-૧૭૪૭
કડી, વિજાપુર, વિસનગર, વડનગર અને ખેરાલુ પરગણામાં
વસતા શ્રીમાળી સોની જ્ઞાતિભાઈઓનું મંડળ, અમદાવાદ.



પત્રિકા નં. ૧૮

તા. ૦૧-૦૧-૨૦૧૫

## ૧૭માં સંમેલન અને
## ૩૨માં સમૂહલગ્ન મહોત્સવનો અહેવાલ

## મંડળની મુખ્ય પ્રવૃત્તિઓ

૧. **કેળવણી :** વિના મુલ્યે નોટબુક વિતરણ, સ્કૉલરશીપ, તેજસ્વી વિદ્યાર્થીને ઈનામ, સુવર્ણ અને રજતચંદ્રક એનાયત તેમજ ઉચ્ચ શિક્ષણ માટે સ્કૉલરશીપ.

૨. **તબીબી સહાય :** જરૂરીયાતવાળા લાભાર્થીને રોકડ સ્વરૂપમાં સહાય.

૩. **આર્થિક સહાય :** જરૂરીયાતવાળા લાભાર્થીને દર ત્રણ માસે આર્થિક સહાય.

૪. **અસહાય બહેનો માટે :** જરૂરિયાતવાળા લાભાર્થીને દર ત્રણ માસે આર્થિક સહાય.

૫. **સમૂહ લગ્ન યોજના :** પ્રતિવર્ષ સમુહલગ્નનું આયોજન નવદંપત્તિને ભેટ / પ્રેઝન્ટ

૬. **સમાજ સુધારા :** આજના વૈજ્ઞાનિક યુગમાં કરવાપાત્ર સુધારા ધીમી ગતિએ અમલમાં મુકીએ છીએ.

૭. **બહુચરાજી ધર્મશાળા :** આપણા સમાજની વાડી બહુચરાજી મુકામે છે. વાડીમાં સુધારા/વધારા, જરૂરી સાધનો રસોઈના ગાદલા/ગોદડા વગેરેથી સજ્જ કરી છે અને હાલ ત્યાં સુંદર સગવડનું આયોજન કરેલ છે.

૮. **છાત્રાલય સહાય :** છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીને છાત્રાલય સહાય આપવામાં આવે છે.

૯. **યુવા પાંખ :** મંડળ દ્વારા યુવા પાંખની રચના કરી છે. બ્લડ ગ્રુપના કાર્ડ લગભગ મોટાભાગના યુવાનો પાસે છે અને હજુ બીજી પ્રવૃત્તિઓ હાથ પર લેવાની છે.

૧૦. **સ્ત્રી પ્રતિનિધિત્વ :** હાલમાં નવ જેટલી બહેનોને પ્રતિનિધિ બોર્ડમાં પ્રતિનિધિત્વ આપ્યું છે.

૧૧. આપણાં મડળની વેબસાઈટ **www.kvpssonisamaj.com** છે.

**હર્ષ અને શોક એક સિક્કાની બે બાજુ છે.**

## સ-સ્નેહ આભાર દર્શન



વ્હાલા જ્ઞાતિજનો,

સાદર નત્ મસ્તક નમસ્કાર.

આપ સૌએ ૧૭માં સંમેલનમાં અમારી હોદ્દેદાર તરીકે વરણી કરી તે બદ્દલ અમો આપનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. અમે ચોક્કસ નિર્ધાર સાથે જણાવીએ છીએ કે અમે તન, મન અને ધનથી આપણી સંસ્થાની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવીશું અને આપે અમારામાં મૂકેલ વિશ્વાસની યથાર્થતા માટે પ્રયત્નશીલ રહીશું. આપ સૌના સાથ/સહકારથી આપણી સંસ્થા હજુ વધુ પ્રગતિના શિખરો સિધ્ધ કરશે અને તે માટે આપણે સૌ તત્પર રહીશું. એટલુ અમે જણાવીએ કે દાતા શ્રેષ્ઠીઓના યોગદાન વગર આ શક્ય નથી. દાતા શ્રેષ્ઠીઓ સંસ્થાના આધારસ્તંભ છે.

આપ અમારી સાથે સંમત થશો કે જુદા જુદા હેડની પ્રવૃત્તિઓ નાણાંકીય સાધનો વગર આગળ ધપાવી શકાતી નથી. આઓ, આપણે સૌ સાથે મળી તન, મન, ધનથી જ્ઞાતિગંગાના સેવાયજ્ઞમાં જોડાઈએ.

આભાર સહ,

**આપના સહકારના અભિલાષી**

**સોની હરેશકુમાર ચંદુલાલ**
**ઉપપ્રમુખ**

**સોની કનૈયાલાલ મણીલાલ**
**પ્રમુખ**

**સોની વિનોદકુમાર ત્રિકમલાલ**
**મહામંત્રી**

**ચિંતા માનવીને ડૂબાવી દે છે, ચિંતન તારી દે છે.**

## આપણા મંડળની દાનની યોજના

૧) ૭૧,૦૦૦ : સહાયક દાતા લેવાય છે જેતે ફંડના ફોર્મમાં પરિવારના વધુમાં વધુ બે નામ અને ફોટા છાપવામાં આવેછે.

૨) ૨૧,૦૦૦ : જેતે ફંડના ફોર્મમાં ફક્ત એક નામ છાપવામાં આવે છે.

૩) ૫,૦૦૦ : વિદ્યાર્થીઓને આપવામાં આવતા ચોપડા/નોટબુકમાં એક નામ અને ફોટો. (વાર્ષિક સહાય દાતા તરીકે)

૪) ૨,૦૦૦ : બહુચરાજી ધર્મશાળામાં ૧૨-૧૫ ની સાઇઝનો લેમીનેશનવાળો ફોટો મુકવામાં આવે છે. દાતાએ ફક્ત લુઝ ફોટો ૧૦ x ૧૨ ના સાઇઝનો આપવાનો છે.

૫) ૨,૦૦૦ : ૨૫ માં સમુહલગ્નથી મા-માટલુ / પાનેતર મંડળ તરફથી આપવાનું થાય છે. મા-માટલા / પાનેતર માટે ફક્ત રૂા. ૨,૦૦૦/- સ્વીકારવામાં આવે છે.

૬) હવે સમાજ ઉન્નતિ ફંડમાં દાન સ્વીકારવામાં આવે છે.

૭) નોટબુક/ચોપડા માટે રૂા. ૨૧,૦૦૦/- ના કાયમી દાતાના દાન સ્વીકારવામાં આવે છે.

૮) મંડળની 'વેબ-સાઈટ' લૉન્ચ કરવામાં આવેલ છે. આ માટે નીચેના ભાઈઓનો સંપર્ક કરવા વિનંતી.

**સોની તુષારકુમાર મુકેશભાઇ (અમદાવાદ) ૯૮૯૮૨ ૦૯૧૦૩**
**સોની રાજેશકુમાર કનૈયાલાલ (કુકરવાડા) ૯૪૨૬૩ ૩૪૦૧૧**
**શ્રી વી. ટી. સોની (મહામંત્રી) ૭૮૭૪૫ ૯૫૩૩૩**
**શ્રી દિપકકુમાર કનૈયાલાલ ૯૮૨૫૦ ૮૯૬૮૧**

**Website : www.kvpssonisamaj.com**

**સંતાનના મનની વાત વાંચી શકે તે જ સાચા મા-બાપ**

મહાશયશ્રી,

જ્ઞાતિજનો સમક્ષ પત્રિકા નં. ૧૭ તા. ૨૫-૯-૨૦૧૪ પછી તા. ૧૬-૧૧ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે સમુહલગ્ન કન્વીનરશ્રીના યજમાન પદે કોટયાર્ક મંદિર મહુડી મુકામે સમુહલગ્ન સમિતિના સર્વે સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, બધા જ કન્વીનરશ્રીઓ, પૂર્વ પ્રમુખશ્રીઓ તેમજ રસોડા સમિતિના કન્વીનરશ્રી તથા સદર સમિતીના સભ્યોને નિમંત્રિત કરેલ.

હાજર રહેલ દરેક જ્ઞાતીજનો સાથે મળી આગામી સંમેલન તથા સમુહલગ્નની વ્યવસ્થાની જાત તપાસ કરી તેમજ તે અંગે આવેલ એજન્સીઓ સાથે મળી સદર બન્ને દિવસની વ્યવસ્થાને આખરી ઓપ આપ્યો તેમજ મંદિરની ઓફિસે ત્યાંના હાજર સ્ટાફ સાથે મળી આપણી જરૂરીયાતવાળી વ્યવસ્થા માટે વાતચીત કરી. સદર મીટીંગ સમુહલગ્ન કન્વીનરશ્રીના યજમાનપદે મળી ત્યારબાદ તે જ દિવસે વાલીઓ અને પ્રતિ. બોર્ડના સભ્યોની મીટીંગ મળી તેનો અહેવાલ તેમજ તા. ૫-૧૨-૨૦૧૪ના રોજ યોજાયેલ સંમેલનનો અને ૩૨માં સમૂહલગ્નનો અહેવાલ આપની સમક્ષ રજુ કરતાં આનંદ અનુભવીએ છીએ.

વાલીઓ અને પ્રતિ બોર્ડની મીટીંગમાં ૩૨માં સમૂહલગ્નમાં જોડાયેલ ચાર યુગલના માતા પિતાને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું. ગ્રહશાંતિ / ગણેશ સ્થાપન વગેરે બાબતે જરૂરી સૂચના આપવામાં આવી. બને તેટલા વહેલા લગ્નસ્થળે આવવા જણાવવામાં આવ્યું. વાલીઓના ગયા પછી પ્રતિ. બોર્ડમાં 'વિશિષ્ટ સેવા સન્માનપત્ર' 'બેસ્ટ પ્રતિનિધિ સન્માનપત્ર' વેબસાઈટની કામગીરી કરનાર સર્વશ્રી તુષારકુમાર, મુકેશકુમાર, સુનીલકુમાર કાન્તીલાલ અને દિપકકુમાર કનૈયાલાલને અને 'પંચમ વસ્તી પત્રક અંક' અંગે સંપાદકશ્રી સોની હસમુખભાઈ રમણલાલ અને સોની મુકેશકુમાર બાબુલાલને સન્માનપત્ર આપવા બાબતની ચર્ચા થઈ. ચર્ચાના અંતે 'વિશિષ્ટ સેવા સન્માનપત્ર' સિવાયના નિર્ણય લેવાયા અને 'વિશિષ્ટ સેવા સન્માનપત્ર'

**નિષ્ફળતા એ દ્રવ્ય છે, જે સફળતાને મસાલેદાર બનાવે છે.**

સૈધ્ધાંતિક રીતે સોની મુકેશકુમાર બાબુલાલને આપવું પણ આનું આખરીકરણ સંમેલનના આગલા દિવસે રાત્રે મળનારી બેઠકમાં કરવું. સન્માનપત્રો તૈયાર કરાવવાની કામગીરી ચાલુ કરી દેવી. સંમેલનના આગલા દિવસે મળેલ પ્રતિ. બોર્ડની બેઠકમાં સંમેલન / સમૂહલગ્ન અંગે કરેલ કાર્યવાહી અને કરવાની બાકી છે તે કામગીરીની ચર્ચા થઈ અને પૂરી કરવા કામની સોંપણી કરવામાં આવી. ત્યારબાદ ૧૬-૧૧-૨૦૧૨ના રોજના નિર્ણયને સર્વસંમતિથી સ્વીકારવામાં આવ્યો કે 'વિશિષ્ટ સેવા સન્માનપત્ર' સોની મુકેશકુમાર બાબુલાલને આપવું.

**આગામી ૩૩માં સમૂહલગ્ન તા. ૬-૧૨-૨૦૧૫ને રવિવારના રોજ યોજવામાં આવશે તેની નોંધ લેવા વિનંતી. સ્થળની જાહેરાત હવે પછી કરવામાં આવશે.**

## તા. ૬-૧૨-૨૦૧૪ - ૧૭મું સંમેલન
## તા. ૭-૧૨-૨૦૧૪ - ૩૨મું સમૂહલગ્ન

તા. ૬-૧૨-૨૦૧૪ના રોજ કોટયાર્ક મંદિર, મહુડી મુકામે ૧૭માં સંમેલન ડૉ. સોની મહેન્દ્રભાઈ બાબુલાલના પ્રમુખસ્થાને મળ્યું. સ્વાગત પ્રમુખ સોની હેમંતભાઈ મનસુખલાલ અને ઉદઘાટક પ્રમુખ સોની મુકેશકુમાર લક્ષ્મણદાસે (લાડોલ) સ્થાન શોભાવ્યું. પાંચ જેટલા મુખ્ય મહેમાનપદે રહ્યા. ૧૭ જેટલા અતિથિ વિશેષશ્રીઓ હતા. સૌ પ્રથમ સ્વાગત પ્રમુખે સ્વાગત કરતાં ટુંકું પ્રવચન આપ્યું. સૌ જ્ઞાતિજનોનું સ્વાગત કર્યું. ત્યારબાદ, ઉદ્‌ઘાટક પ્રમુખશ્રી અને સર્વે મહાનુભાવોએ મંગલદીપ પ્રાગટ્ય કરી સંમેલન ખુલ્લુ મૂક્યું. સ્વાગતગીત અને પ્રાર્થના કરવામાં આવી. વર્તમાન પ્રમુખશ્રીએ પણ પ્રાસંગિક પ્રવચન કરી સૌએ આપેલ સાથ સહકાર બદલ આભાર માન્યો. સૌ મહાનુભાવોનું ફુલહારથી શાલ ઓઢાડી અભિવાદન કરવામાં આવ્યું. નાસ્તાના ત્રણ દાતાશ્રીઓનું તથા વર-કન્યાને સ્ટીલના કબાટની ભેટના

**જેણે કોઇ દિવસ દુઃખ અનુભવ્યું નથી તે દુનિયાનો સૌથી વધુ દુઃખી માનવી છે.**

દાતાશ્રી સોની બાબુલાલ વાડીલાલનું પણ ફુલહારથી / શાલથી અભિવાદન કરવામાં આવ્યું. અતિથિવિશેષ સોની શૈલેષકુમાર જયંતિલાલ જેઓ કેન્દ્ર સરકારના ઉચ્ચ અધિકારી છે. તેઓએ પણ યુવાનોને અને વેપારીવર્ગને માર્ગદર્શન આપતું પ્રવચન કર્યું. અભિવાદન કાર્ય પુરૂ થયા પછી તમામ કન્વીનરશ્રીઓએ ત્રણ વર્ષ દરમ્યાનના તેઓશ્રીના અહેવાલ સામાન્ય સભા સમક્ષ વાંચ્યા. ત્યારબાદ ભોજન વિરામ જાહેર થયો.

બપોરે પછીના સત્રમાં બેસ્ટ પ્રતિનિધિનો એવોર્ડ સોની ભરતકુમાર કૃષ્ણાલાલને વેબસાઈટમાં સારી અને પ્રસંશનીય કામગીર માટે ત્રણ વ્યક્તિ સર્વશ્રી સોની તુષારકુમાર મુકેશકુમાર, સોની સુનીલભાઈ કાંતીલાલ તથા સોની દિપકકુમાર કનૈયાલાલને સન્માનપત્ર આપવામાં આવ્યા. પંચમ વસ્તી પત્રક અંકના સંપાદકશ્રી સોની હસમુખલાલ રમણલાલ (માણસા)ને પ્રશંસનીય કામગીરી માટે સન્માનપત્ર આપવામાં આવ્યું. આ તમામને ફુલહારથી અભિવાદન શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. મોમેન્ટો આપવામાં આવ્યા. સોની હસમુખભાઈ રમણલાલે પ્રાંસગિક પ્રવચન કરી સામાન્ય સભાને જણાવ્યું કે ધાર્યા કરતાં જ્ઞાતિજનોનો સહકાર અને કાર્યકરોની કામગીરીથી આ કાર્ય શક્ત બન્યું છે. ઉતારા સમિતિ, રસોડા સમિતિ અને સાંસ્કૃતિક સમિતિના કન્વીનરશ્રીઓ અને સમિતિના સભ્યશ્રીઓનું પણ ફુલહારથી અને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. યુવા પાંખના સભ્યો કે જેઓએ કાર્યક્રમને ચાર ચાંદ લાગી જાય તેવું કાર્ય કર્યા બદલ ફુલહારથી સન્માનવામાં આવ્યા. આપણા મંડળના પૂર્વ પ્રમુખશ્રી સોની હેમેન્દ્રકુમાર બાબુલાલ અને શ્રી અખિલ હિંદ શ્રીમાળી સોની મહામંડળના ખજાનચી, મહામંડળના ટ્રસ્ટી તરીકે નિયુક્ત થયા છે. આપણા મંડળે આ બાબતને ઉમળકાભેર સ્વીકારી અને તેઓશ્રીને પણ સન્માનપત્ર સમારંભના પ્રમુખશ્રીના હસ્તે આપવામાં આવ્યું. શાલ ઓઢાડી ફુલહારથી અભિવાદન કરવામા આવ્યું; મોમેન્ટો આપવામાં આવ્યો. તેઓશ્રીએ આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચન કરી જુવાન પેઢીને આગળ આવી સમાજસેવા કરવા પ્રેરણારૂપ પ્રવચન કર્યું. સોની ભરતકુમાર જયંતિલાલ કે જેઓ અમદાવાદમાંથી મહાસમિતિના સભ્ય

**આનંદની પળોમાં માનવીનું મન ખિલેલા પુષ્પ જેવું હોય છે.**

પદે નિર્વાચીત થયા છે તેમને પણ ફુલહારથી અને શાલ ઓઢાડી અભિવાદિત કરવાના હતા પણ તેઓશ્રી અંગત કારણોસર હાજર રહી શક્યા નહોતા ત્યારબાદ પ્રાસંગિક પ્રવચનો સર્વશ્રી હેમેન્દ્રકુમાર બાબુલાલ સોની અનિલકુમાર કરસનદાસ નંદલાલ બુલાખીદાસ સોનીએ કર્યા. દાતાશ્રેષ્ઠીમાંથી કેન્સર રાહત કાયમી ફંડ (કે હવે પછી કેન્સરના દર્દને જોડીને ફંડ ઉભુ કરવું) તેવી યોજના સામાન્ય સભામાં દરખાસ્ત મુકી રૂપિયા પાંચ લાખ કે તેથી વધુ દાન આપવાની જાહેરાત થઈ. એક દાતાએ રૂા. પાંચ લાખની જાહેરાત કરી. થોડી મીનીટ બાદ બીજા એક દાતાએ સાત લાખની જાહેરાત કરી. એવુ નક્કી કરવામાં આવ્યું કે આ યોજના અંગે સમાજમાં જાહેરાત કરવી અને આને આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૫-૨૦૧૬ થી અમલમાં લાવવી. મંચસ્થ મહાનુભાવો અને સામાન્ય સભામાંથી અભિપ્રાયો પણ આવ્યા. તા. ૭-૧૨-૨૦૧૪ના રોજ મળનાર ચંદ્રક વિતરણ સમારંભમાં આની વિગતવાર જાહેરાત કરવી.

ત્યારબાદ 'પંચમ વસ્તી પત્રક અંક' ના વિમોચનની કાર્યવાહી હાથ પર લેવામાં આવી. પ્રસ્તાવનામાં જણાવવાનું કે પ્રતિનિધિ બોર્ડમાં નક્કી થયા મુજબ સર્વશ્રી સોની હસમુખલાલ રમણલાલ અને સોની મુકેશકુમાર બાબુલાલને આ અંગે સંપાદકની કામગીરી સોંપવામાં આવેલ. ટૂંકાગાળામાં આ કામગીરી કરી છે તે પ્રસંશનીય છે. સમારંભના પ્રમુખશ્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું. સાથે પૂર્વ પ્રમુખશ્રીઓ વર્તમાન પ્રમુખ / ઉપપ્રમુખશ્રીએ સાથ આપ્યો.

વિમોચન પછી, સોની હસમુખલાલ રમણલાલે પંચમ વસ્તીપત્રક અંક કેવા વિપરિત સંજોગોમાં હાથ પર લેવામાં આવ્યો. તેનું વર્ણન કર્યું. યુવા પરિચય મેળો, સમૂહલગ્નનું આયોજન આ અંગે જ્ઞાતિજનોએ યોગદાન આપી દીધુ હતુ હવે વસ્તીપત્રક અંકની જાહેરાત લેવા કે યોગદાન લેવા જવાનું થયું હતું. તેઓશ્રીએ જણાવ્યું કે આમ હોવા છતાં જ્ઞાતિજનોએ અપ્રતિમ સહકાર આપી અમારો ઉત્સાહ વધાર્યા છે અને આમ અમે જ્ઞાતિજનોનું સ્વપ્નું સાકાર કરી શક્યા છીએ. કાર્ય પધ્ધતિના વર્ણનમાં માહિતી

**'ગમ'નું અવળું 'મગ' થાય, એક વર્ષ બાફેલા 'મગ' ખાવને નિરોગી રહો.**

મેળવવી, માહિતીની ખરાઈ કરવી, પછી છપામણીમાં આપવી. જાહેરાતોમાં પણ તે જ પધ્ધતિ કરવી પડી પછી છપામણીમાં આપવી. જાહેરાતોમાં પણ તે જ પધ્ધતિ આપ બેવડી જવાબદારીમાં જે પ્રતિનિધિ સાથે બેસી મેળ પાડવામાં આવેલ.

ત્યારબાદ મંડળમાં સતત કાર્યશીલ રહી અને અવિરત પણે, નિવૃત્તિ બાદ પણ મંડળની કાર્યવાહીમાં સક્રીય રીતે રસ લેતા સોની મુકેશકુમાર બાબુલાલને 'વિશિષ્ટ સેવા સન્માનપત્ર' સમારંભના પ્રમુખશ્રીના હસ્તે આપવામાં આવ્યું. તેઓશ્રીનું ફુલહારથી અને શાલ ઓઢાડી અભિવાદન કરવામાં આવ્યું. મોમેન્ટો આપવામાં આવ્યો તેઓશ્રીએ પ્રાસંગિક પ્રવચન કર્યું.

ત્યારબાદ આગામી ત્રણ વર્ષ ૨૦૧૫-૨૦૧૭ સુધીના સમય માટે બંધારણની જોગવાઈ અનુસાર મહામંત્રીશ્રીએ સમારંભના પ્રમુખશ્રીને વિનંતી કરી કે તેઓશ્રી આ કાર્યવાહી હાથ પર લે. તદ્અનુસાર સૌ પ્રથમ પ્રમુખના નામની દરખાસ્ત કરવા સામાન્ય સભાને વિનંતી કરી.

સોની બાલમુકુન્દ ચંદુલાલે પ્રમુખ માટે સોની કનૈયાલાલ મણીલાલ સેટેલાઈટ કે જેઓ હાલમાં ઉપપ્રમુખ છે. તેઓશ્રીના નામની દરખાસ્ત મુકી જેને સોની નવિનચંદ્ર મગનલાલે ટેકો જાહેર કર્યા. થોડી મીનીટ્સ માટે રાહ જોવામાં આવી. બીજી દરખાસ્ત આવી નહીં. તેથી સમારંભના પ્રમુખશ્રીએ પ્રમુખપદ માટે સોની કનૈયાલાલ મણીલાલ, સેટેલાઈટના નામની જાહેરાત કરી.

ત્યારબાદ ઉપપ્રમુખશ્રીનાના નામની જાહેરાત કરવા જણાવાયું. સોની કનૈયાલાલ ચીમનલાલ (માણસા) એ સોની હરેશકુમાર ચંદુલાલ (જંત્રાલ) ના નામની દરખાસ્ત મુકી જેને સોની રાજેશભાઈ કનૈયાલાલ (કુકરવાડા) એ ટેકો આપ્યો. થોડી મીનીટ્સ રાહ જોવામાં આવી. બીજી દરખાસ્ત આવી નહી તેથી સમારંભના પ્રમુખશ્રીએ સોની હરેશકુમાર ચંદુલાલ (જત્રાંલ)ના નામની જાહેરાત કરી.

**કોઈ પણ કામ માટે પૂરેપૂરી તૈયારી કરવી એ જ સફળતાની ચાવી છે.**

ત્યારબાદ મહામંત્રીના નામની જાહેરાત કરવા જણાવ્યું. સોની હસમુખલાલ રમણલાલ (માણસા) એ મહામંત્રી માટે સોની વિનોદકુમાર ત્રિકમલાલ (અમદાવાદ)ના નામની જાહેરાત કરી જેને સોની પરેશકુમાર હસમુખલાલ (ગાંધી) ટેકો આપ્યો. થોડી મીનીટ્સ રાહ જોવામાં આવી. બીજી દરખાસ્ત આવી નહી તેથી સમારંભના પ્રમુખશ્રીએ સોની વિનોદકુમાર ત્રિકમલાલને (વી.ટી.) મહામંત્રી તરીકે જાહેર કર્યા.

ટુંકમાં : (૧) સોની કનૈયાલાલ મણીલાલ (સેટેલાઈટ) - પ્રમુખશ્રી
(૨) સોની હરેશકુમાર ચંદુલાલ (જંત્રાલ) - ઉપપ્રમુખ
(૩) સોની વિનોદકુમાર ત્રિકમલાલ (અમદાવાદ) - મહામંત્રી

તરીકે સામાન્ય સભામાંથી વરણી પામ્યા.

સમારંભના પ્રમુખશ્રીએ ત્રણે ચુંટાયેલા હોદ્દેદારોને ઈશ્વરના નામે સોગંદ લેવડાવ્યા.

ત્યારબાદ નવા વરણી પામેલ પ્રમુખશ્રીએ સામાન્ય સભાને મંડળની કાર્યવાહી પધ્ધતિથી વિગતવાર વાકેફ કર્યા. ઉપપ્રમુખ અને મહામંત્રીયે પણ પ્રાસંગિક પ્રવચન કર્યા છેલ્લે સમારંભના પ્રમુખશ્રીએ સોને સાથ સહકાર આપવા હાકલ કરી અને તેઓશ્રી બાળપણથી અત્યાર સુધીમાં કેવી રીતે પ્રગતિ કરી શક્યા તેનો ચિતાર આપ્યો. કેટલી મુશ્કેલીવાળા જીવનમાંથી પસાર થઈ પ્રગતિ કરી તે પણ જણાવ્યું. તેઓશ્રીની કારકિર્દીનું ઘડતર સમાયાનુસાર કેવી રીતે વધ્યુ તે પણ જણાવ્યું.

છેલ્લે આભાર વિધિ કરી, સમારંભની સમાપ્તિની ઘોષણા કરવામાં આવી.

રાત્રે શ્રી ભાવેશ મિસ્ત્રીના સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલ જેમાં જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી આનંદ અને ઉલ્લાસ માણ્યો હતો.

**જગતમાં સંતોષ સમાન બીજું કોઇ સુખ નથી.**

# તા. ૭-૧૨-૨૦૧૪ ચંદ્રક વિતરણ અને કન્યા વિદાય કાર્યક્રમ

૩૨મો સમૂહલગ્ન સમારંભ ધાર્મિક વિધિથી સંપન્ન કરવામાં આવ્યો. ચાર યુગલે લગ્નજીવનમાં પ્રવેશ કર્યો. સમાજમાંથી મોટી સંખ્યામાં આવેલ માણસોએઆમાં ભાગ લીધો. વરઘોડો કાઢવામાં આવ્યો. બ્રાહ્મણોયે શાસ્ત્રોક રીતે લગ્ન કરાવ્યા. ત્યારબાદ ૨૨ જેટલી અને સ્થળ પર બીજી એમ. કન્યાને ભેટ આપવામાં આવી. શ્રી અખિલ હિંદ શ્રીમાળી સોની મહામંડળની અને આપણા મંડળની આશીર્વાદ પત્રિકા આપવામાં આવી.

**ચંદ્રક વિતરણ સમારંભ યોજવામાં આવ્યો આ સમારંભમાં ૪૧ રજત ચંદ્રક ૦૬ સુવર્ણ ચંદ્રક તેજસ્વી તારલાઓને એનાયત કરવામાં આવ્યા.**

**ઉપરોક્ત સમારંભમાં પુનઃ જાહેરાત કરવામાં આવી કે કેન્સર જેવા રોગના દર્દીને સહાય કરવા મંડળ ફંડ ઉભુ કરવા માંગે છે. રૂા. પાંચ લાખના દાનની જાહેરાત સંમેલનમાં થયેલ અને તુરત જ રૂા. સાત લાખના દાનની જાહેરાત બીજા દાતાએ જાહેર કરેલ છે. આ યોજનાનું નામાભિધાન વગેરે હવે પછી કરવામાં આવશે અને આ યોજનાનું આખરી કરણ આગમી પ્રતિ. બોર્ડની મીટીંગમાં કરવામાં આવશે. સમાજના સૌ કોઈ ભાઈ આ યોજનામાં જો રૂા. સાત લાખથી વધુ રકમની જાહેરાત કરશે તો તે છેલ્લી જાહેર થયેલ રકમ સાથે આ યોજના દાતાના નામને સાંકળી જાહેર કરવામાં આવશે અને તે અંગેના નિયમો પણ જાહેર કરવામાં આવશે. સદર યોજના જાહેર થયા બાદ તેમાં ફોટા સાથે સહાયક દાતાશ્રી રૂા. ૭૧૦૦૦/- તથા ફોર્મમાં ફક્ત નામ રૂા. ૨૧૦૦૦/- જે દરેક હેડમાં છે તે નિયમ આ હેડમાં પણ અમલમાં આવશે. ત્યારબાદ કન્યા વિદાયનો પ્રસંગ અને સમારંભની સમાપ્તિની ઘોષણા કરવામાં આવી.**

**ધ્યાન અને ભક્તિથી પરમાત્માને સાક્ષાત્કાર થઈ શકે છે.**

## પત્રિકા નં. ૧૭ તા. ૨૫-૯-૨૦૧૪ પછી આવેલ રોકડ યોગદાન

| નં. | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧. | સોની રમણલાલ નાનાલાલ | હિંમતનગર | ૧૦૦૧/- |
| ૨. | સોની ચંપકલાલ નારણદાસ<br>હ. રાકેશભાઈ, સુનિલભાઈ | ગાંધીનગર<br>(નોટબુક યોજના) | ૫૧૧૧/-<br>વા.સ. દાતા |
| ૩. | સોની અરવિંદભાઈ ચીમનલાલ | ઘાટલોડિયા | ૨૦૦૦/- |
| ૪. | સોની નિરંજનાબેન અશોકકુમાર<br>હાલ. ઘાટલોડિયા | લાડોલ | ૩૧૦૦/- |
| ૫. | સોની નિરંજનાબેન મોરલીધર | ઘાટલોડિયા | ૨૦૦૧/- |
| ૬. | સોની દશરથલાલ બાબુલાલ | ઘાટલોડિયા | ૫૦૦/- |
| ૭. | સોની અરૂણાબેન જશવંતલાલ<br>હ. નિમેષભાઈ, નિકુંજભાઈ | ઘાટલોડિયા | ૨૦૦૧/- |
| ૮. | સોની બાલકૃષ્ણ રવચંદદાસ<br>હ. રાજેશભાઈ, નિકુંજભાઈ | નારણપુરા | ૩૧૦૦/- |
| ૯. | સોની દિનેશચંદ્ર મફતલાલ | વાડજ | ૫૦૦૦/- |
| ૧૦. | સોની મનિષકુમાર રમણલાલ | ગાંધીનગર | ૩૧૦૦/- |

**શ્રીમદ્ ભાગવતની અમર કથાનો આશ્રય કરે તે મનુષ્ય અમર બને છે.**

## પત્રિકા નં. ૧૭ તા. ૨૫-૯-૨૦૧૪ પછી નોધાયેલ યોગદાન અ.ન. ૧૧૭ સુધી પત્રિકા-૧૭માં

| નં. | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧. | સોની પંકજકુમાર બાબુલાલ (માણસા) | ગાંધીનગર | ૧૫૦૧/- |
| ૨. | સોની ભરતભાઈ બાબુલાલ | મહેસાણા | ૨૦૦૦/- |
| ૩. | સોની રમેશકુમાર બાબુલાલ | હિંમતનગર | ૩૦૦૦/- |
| ૪. | સોની કાન્તાબેન કાંતીલાલ<br>હ. સૂર્યકાન્તભાઈ | માણસા | ૨૧૦૦/- |
| ૫. | સોની ભારતીબેન સુહાસકુમાર | માણસા | ૨૫૦૦/- |
| ૬. | સોની રમેશભાઈ બાબુલાલ /<br>સતીષ ઈન્દ્રવદન | ઘાટલોડિયા | ૨૧૦૦/- |
| ૭. | સોની અરવિંદકુમાર પોપટલાલ<br>હ. પરેશભાઈ | ચાંદલોડિયા | ૧૫૦૧/- |
| ૮. | સોની સુંદરલાલ મંગળદાસ | ચાંદખેડા | ૧૦૦૦/- |
| ૯. | સોની સુરેશકુમાર ગોરધનદાસ | ચાંદખેડા | ૧૫૦૧/- |
| ૧૦ | સોની મહેશકુમાર ભોગીલાલ | વાડજ | ૧૦૦૦/- |
| ૧૧ | સોની નૈનેષકુમાર વિષ્ણુલાલ<br>હ. હંસાબેન | બોરીવલી | ૨૦૦૦/- |
| ૧૨ | સોની દિનેશકુમાર ચંદુલાલ | નવા નરોડા | ૧૦૦૦/- |
| ૧૩ | સોની હેમંતકુમાર મીઠાલાલ | ઘોડાસર | ૧૦૦૦/- |
| ૧૪ | સોની કીરીટકુમાર કાન્તીલાલ<br>(૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭,<br>૨૦૧૭-૧૮) પ્રતિ વર્ષ | ગાંધીનગર | ૬૦૦૦/-<br>આ.સ.ફા.<br>ફંડમાં |

**'સા વિદ્યા યા વિમુક્તયે' એટલે કે મુક્તિ અપાવે તે જ સાચી વિદ્યા.**

| | | | |
|---|---|---|---|
| ૧૫ | સોની સુરેશકુમાર વ્રિજલાલ (૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮) પ્રતિ વર્ષ | માણસા | ૬૦૦૦/- આ.સ.ફા. ફંડમાં |
| ૧૬ | સોની દશરથલાલ છગનલાલ (જંત્રાલ)(૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮) પ્રતિ વર્ષ | નારણપુરા | ૬૦૦૦/- આ.સ.ફા. ફંડમા |
| ૧૭ | અનામી (એક સદ્‌ગૃહસ્થ) (૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮) પ્રતિ વર્ષ | | ૬૦૦૦/- આ.સ.ફા. ફંડમા |
| ૧૭ | સોની વિનોદકુમાર નારણદાસ | મણીનગર | ૨૦૦૦/- |

## તા. ૬-૭-૨૦૧૪ - સંમેલન સમયે નોંધાયેલ / આવેલ યોગદાન

| નં. | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧ | ડૉ. સોની મહેન્દ્રકુમાર બાબુલાલ | હિંમતનગર | ૨૫૦૦૦/- |
| ૨ | સોની મુકેશકુમાર લક્ષ્મણદાસ (લાડોલ) | અમદાવાદ | ૨૫૦૦૦/- |
| ૩ | સોની હેમંતકુમાર મનસુખલાલ | અમદાવાદ | ૨૫૦૦૦/- |
| ૪ | સોની હેમેન્દ્રકુમાર બાબુલાલ | અમદાવાદ | ૨૧૦૦૦/- |
| ૫ | સોની અનિલકુમાર કરશનદાસ | મુંબઈ | ૧૫૦૦૦/- |
| ૬ | સોની મુકેશકુમાર ચંદુલાલ | મુંબઈ | ૨૧૦૦૦/- |
| ૭ | સોની નંદલાલ બુલાખીદાસ | અમદાવાદ | ૨૧૦૦૦/- |
| ૮ | સોની પ્રફુલ્લભાઈ લક્ષ્મણદાસ | કુકરવાડા | ૧૧૦૦૦/- |
| ૯ | ચોકસી તેજસકુમાર મોરલીધર | મુંબઈ | ૧૫૦૦૦/- |

**'સત્ય, દયા, દાન અને પવિત્રતા' આચાર ધર્મના અંગ છે.**

| | | | |
|---|---|---|---|
| ૧૦ | સોની દશરથલાલ પોપટલાલ | અમદાવાદ | ૫૦૦૦/- |
| ૧૧ | સોની શૈલેષકુમાર જયંતિલાલ | અમદાવાદ | ૧૧૦૦૦/- |
| ૧૨ | સોની મહેન્દ્રકુમાર કચરાલાલ | અમદાવાદ | ૧૧૦૦૦/- |
| ૧૩ | સોની જગદીશભાઈ મફતલાલ | અમદાવાદ | ૫૦૦૦/- |
| ૧૪ | સોની મનિષભાઈ હસમુખલાલ | અમદાવાદ | ૧૧૦૦૦/- |
| ૧૫ | સોની બિપિનકુમાર ડાહ્યાલાલ | અમદાવાદ | ૧૧૦૦૦/- |
| ૧૬ | સોની સિધ્ધાર્થ અરવિંદભાઈ | ગુરૂકુલ | ૧૧૦૦૦/- |
| ૧૭ | સોની કનૈયાલાલ મણીલાલ (અટીરા) | અમદાવાદ | ૧૧૦૦૦/- |
| ૧૮ | ડૉ. સોની કિશોરભાઈ કેશવલાલ | ઈડર | ૧૧૦૦૦/- |
| ૧૯ | સોની મહેશકુમાર અમૃતલાલ | માણસા | ૧૧૦૦૦/- |
| ૨૦ | સોની કનૈયાલાલ મણીલાલ | સેટેલાઈટ | ૨૧૦૦૦/- |
| ૨૧ | સોની હરેશકુમાર ચંદુલાલ | જંત્રાલ | ૨૧૦૦૦/- |
| ૨૨ | સોની વિનોદચંદ્ર ત્રિકમલાલ | અમદાવાદ | ૧૧૦૦૦/- |
| ૨૩ | સોની નયનાબેન ચંદ્રકાન્ત રમણલાલ (લોદ્રા) | ગાંધીનગર | ૧૧૦૦૦/- (વેબસાઈટ) |
| ૨૪ | સોની રમેશચંદ્ર અંબાલાલ લક્ષ્મીચંદ | અમદાવાદ | ૧૧૦૦૦/- |
| ૨૫ | સોની મધુસુદન માણેકલાલ | કલોલ | ૨૫૦૧/- |
| ૨૬ | એક સદ્‌ગૃહસ્થ તરફથી રામભરોસે | | ૫૦૦૧/- |
| ૨૭ | સોની ચંચળબેન સોમનાથ<br>હ. ડૉ. સોની મથુરભાઈ મહેશકુમાર | ગુરૂકુળ | ૨૧૧૧૧/-<br>(નો.વા.દા.) |
| ૨૮ | સોની વ્રિજલાલ જમનાદાસ પરિવાર<br>હ. ચંદુલાલ, સુરેશકુમાર,<br>હસમુખભાઈ, મયુરભાઈ | માણસા | ૧૧૦૦૦/- |

**જીવ શિવ એક થાય, બન્નેના મિલન થાય ત્યારે જીવ કૃતાર્થ થાય છે.**

| | | | |
|---|---|---|---|
| ૨૯ | સોની રતીલાલ શોભારામ<br>હ. મહેશભાઈ (૩૩માં સ.લ.) | હિંમતનગર | ૨૦૦૧/- |
| ૩૦ | સોની કપીલાબેન રાજેન્દ્રકુમાર<br>અમૃતલાલ (૩૩માં સ.લ.) | હિંમતનગર | ૨૫૦૧/- |
| ૩૧ | સોની ગીરીશભાઈ મુળચંદદાસ<br>(લાડોલ)<br>(માતુશ્રી જશીબેનના સ્મરણાર્થે) | અમદાવાદ | ૧૧૦૦/- |
| ૩૨ | સોની ભરતકુમાર લક્ષ્મણદાસ | લાડોલ | ૫૦૦૦/- |
| ૩૩ | સોની અમૃતલાલ ચુનીલાલ | માણોસણ | ૧૧૦૦/- |
| ૩૪ | સોની જશુમતીબેન ડાહ્યાલાલ<br>જમનાદાસ (ઊંઝા) | વડનગર | ૧૦૦૦/- |
| ૩૫ | સોની જિગરકુમાર હસમુખલાલ | ખેરાળુ | ૧૫૦૦/- |
| ૩૬ | સોની રસીકલાલ લક્ષ્મણદાસ | કુકરવાડા | ૧૦૦૦/- |
| ૩૭ | સોની જયંતિલાલ અંબાલાલ | કલોલ | ૫૦૦/- |
| ૩૮ | સોની શાંતીલાલ હીરાલાલ | થલતેજ | ૧૧૧૧/- |
| ૩૯ | સોની અરવિંદભાઈ રણછોડભાઈ | મુંબઈ | ૫૦૦/- |
| ૪૦ | સોની સુશીલાબેન અંબાલાલ<br>ગોકળદાસ | બોપલ | ૨૧૦૦/- |
| ૪૧ | સોની નરેન્દ્રભાઈ કૃષ્ણાલાલ<br>(લાલભાઈ) (લાડોલ) | અમદાવાદ | ૨૦૦૧/- |
| ૪૨ | સોની મધુકાન્તાબેન નટવરલાલ<br>ચીમનલાલ (હ. સોની સુરેશકુમાર) | ચરાડા | ૧૧૦૦૦/- |
| ૪૩ | સોની દિનેશકુમાર બાબુલાલ<br>મણીલાલ | મહેસાણા | ૧૧૦૦૦/- |

**બેકાર અને ખરાબ વાતોને છોડી કેવળ ઉપયોગી હોય તેને જ સ્વીકારો.**

## ૩૩માં સમૂહ લગ્નની ભેટ

| નં. | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧. | સોની ચંદ્રિકાબેન મોરલીધર કાન્તીલાલ | રાણીપ | ચાંદીની ગાય |
| ૨ | સોની દિલીપકુમાર કાળીદાસ | વિજાપુર | ચાંદીની કંકાવટી |
| ૩ | સોની શારદાબેન કાંતીલાલ નારણદાસ | મેઘાણીનગર | વૉલ ક્લૉક |
| ૪ | સોની યોગેશકુમાર અંબાલાલ (ઉનાવા) | | મિક્સર |

## વેબસાઈટ માટેના યોગદાનની યાદી

| | | | |
|---|---|---|---|
| ૪૩ | સોની નયનાબેન ચંદ્રકાન્ત રમણલાલ (લોદ્રા) | ગાંધીનગર | ૧૧૦૦૦/- |

## નોટબુક/ચોપડા માટે રૂા. ૨૧૦૦૦/- ના કાયમી દાતા

| | | | |
|---|---|---|---|
| ૮ | સોની ચંચળબેન સોમનાથ<br>હ. ડૉ. સોની મયુરકુમાર મહેશકુમાર | ગુરૂકુળ | ૨૧૧૧૧/- |

## સ્વર્ગસ્થની સ્મૃતિ યોગદાનની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧ | સોની ચંપકલાલ નારણદાસ<br>હ. રાકેશભાઈ, સુનિલભાઈ | ગાંધીનગર | ૫૧૧૧/-<br>વા.દા.નો.<br>સ.યોજના |

**મંત્ર, માળા અને મૂર્તિ કદી બદલશો નહિં.**

## પ્રતિનિધિ બોર્ડ તથા કારોબારી વતી

| અ.નં. | નામ/સરનામુ | હોદ્દો | ટે.નં.(ઓ) | ટે.નં.(ઘર) |
|---|---|---|---|---|
| ૧. | સોની ચંદુલાલ વ્રિજલાલ<br>મો. ૯૭૨૩૮૩૩૬૦૦ | પ્રમુખ | ૦૨૭૬૩૨૭૦૬૪૩ | ૦૨૭૬૩૨૭૧૭૯૭ |
| ૨. | સોની કનૈયાલાલ મણીલાલ<br>મો. ૯૯૦૯૪૩૦૬૬૨ | ઉપપ્રમુખ | ૨૬૭૪૨૬૩૫ | ૨૬૭૫૪૧૨૩ |
| ૩. | સોની વિનોદકુમાર ત્રિકમલાલ<br>મો. ૭૮૭૪૫૯૫૩૩૩ | મહામંત્રી | ૨૩૨૫૬૯૫૨ | ૨૭૬૨૦૭૬૮ |
| ૪. | સોની સુનિલકુમાર કાન્તીલાલ<br>મો. ૯૮૨૫૭૩૭૨૩૩ | મંત્રી | ૨૩૨૫૦૧૮૭ | ૨૩૨૨૭૭૨૧ |
| ૫. | સોની દિલીપકુમાર અંબાલાલ<br>મો. ૯૮૨૫૦૭૬૯૨૬ | ખજાનચી | ૨૨૧૧૦૭૩૦ | ૦૨૭૧૭૨૯૫૫૯૦ |
| ૬. | સોની દિલીપકુમાર રસીકલાલ<br>મો. ૯૪૨૬૩૫૧૧૬૯ | સહમંત્રી | ૦૨૭૬૩૨૫૪૬૫૪ | ૦૨૭૬-૨૫૨૦૯૭ |

**મહાન માણસોને જેમ વિપત્તિ પડે છે તેમ તેમનું સત્વ વધારે દીપે છે.**

## કન્વીનરશ્રીઓ

| અ.નં. | નામ/સરનામુ | હેડ | સમિતિ | ટે.નં.(ઓ) | ટે.નં.(ઘર) | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | સોની જગદીશચંદ્ર જયંતીલાલ | સલાહકાર | આ.સ.કાફ.સ્રી.કાફ | ૨૭૫૦૧૯૨૮ | ૨૩૨૯૩૦૦૪ | ૯૮૯૮૯૦૪૮૬૫ |
| ૨. | સોની કીરીટકુમાર કાન્તીલાલ | કન્વીનરશ્રી | આ.સ.કાફ.સ્રી.કાફ | - | ૦૨૬૫-૨૩૨૦૨૩૨ | ૯૮૭૯૨૦૦૬૬૦ |
| ૩. | સોની પરેશકુમાર હસમુખલાલ | સહ-કન્વીનરશ્રી | આ.સ.કાફ.સ્રી.કાફ | ૨૩૨૮૯૯૧૫ | ૨૩૨૩૨૫૮૩ | ૯૮૨૫૩૮૫૪૦૨ |
| ૪. | સોની નવિનચંદ્ર મગનલાલ | સલાહકાર | કેળ. અને સ્કોલર. | - | ૦૨૭૧૭-૨૯૩૬૧૯ | ૯૮૨૪૦૧૨૮૪૨ |
| ૫. | સોની યોગેશકુમાર બાબુલાલ | કન્વીનરશ્રી | કેળ. અને સ્કોલર. | ૦૨૭૬૫-૨૩૧૮૬૪ | ૦૨૭૬૫-૨૩૩૬૧૧ | ૯૮૯૮૪૩૫૫૪૫ |
| ૬. | સોની હર્ષદકુમાર કૃષ્ણાલાલ | સહ-કન્વીનરશ્રી | કેળ. અને સ્કોલર. | - | ૨૨૭૭૩૯૪૦ | ૯૮૨૪૯૯૧૫૭૨ |
| ૭. | સોની મુકેશકુમાર બાબુલાલ | સલાહકાર | સ.લ.અને સ.સુ | ૨૨૧૪૮૨૬૧ | ૨૬૮૮૦૦૩૫ | ૯૮૯૮૦૨૮૭૧૮ |
| ૮. | સોની હરેશકુમાર ચંદુલાલ | કન્વીનરશ્રી | સ.લ.અને સ.સુ | ૯૫૨૭૬૩-૨૩૪૬૦૬ | - | ૯૮૨૫૭૮૪૭૬૭ |
| ૯. | સોની અરવિંદભાઇ રામચંદદાસ | સહ-કન્વીનરશ્રી | સ.લ.અને સ.સુ | ૦૨૭૬૩૨૫૪૮૨૨ | ૦૨૭૬૩-૨૫૩૧૧૬ | ૯૫૮૬૫૭૮૭૫૪ |
| ૧૦. | સોની ચીનુભાઇ બાબુલાલ | સલાહકાર | ત.સ. સમિતિ | ૨૬૮૯૧૧૯૧ | ૨૭૪૭૦૨૧૧ | ૯૮૨૫૭૮૦૫૪૬ |
| ૧૧. | સોની નૈલેષકુમાર રમણલાલ | કન્વીનરશ્રી | ત.સ. સમિતિ | ૦૨૭૬૩૨૨૧૦૦૩ | ૨૨૧૨૧૫ | ૯૮૯૮૧૫૭૨૦૦ |
| ૧૩. | સોની બાલમુકુન્દ ચંદુલાલ | સલાહકાર | ઉ.શિ.સ.સ | ૦૨૭૬૩-૨૩૪૬૦૬ | - | ૯૮૨૪૦૨૯૨૪૫ |
| ૧૪. | સોની અનિલકુમાર ચંદુલાલ | કન્વીનરશ્રી | ઉ.શિ.સ.સ. | ૦૨૭૬૧-૨૨૨૫૩૬ | - | ૯૯૨૫૮૮૮૦૧૨ |
| ૧૫. | સોની કીર્તીકુમાર ચીમનલાલ | સહ-કન્વીનરશ્રી | ઉ.શિ.સ.સ. | ૦૨૭૬૨૨૫૧૪૭૫ | ૦૨૭૬૨-૨૨૨૯૬૮ | ૯૮૯૮૦૨૩૦૧૭ |
| ૧૬. | સોની નટવરલાલ ચીમનલાલ | કન્વીનરશ્રી | ધર્મશાળા | ૦૨૭૬૩-૨૮૭૫૪૯ | ૦૨૭૬૩-૨૮૭૨૬૯ | ૯૪૨૭૬૨૩૫૫૫ |

**બધાને ઠગી શકાય છે, પણ અંતર્યામીને ઠગી શકાતો નથી.**

બુક-પોસ્ટ

પ્રતિ

શ્રી, ______________________

______________________

______________________

______________________

રવાના :

**સોની સુનીલકુમાર કાન્તીલાલ, મંત્રીશ્રી**


શ્રી અમદાવાદ, કડી, વિજાપુર પરગણા શ્રીમાળી સોની ઉત્તેજક મંડળ,

C/o. એ. જી. જ્વેલર્સ, ૪, ઉત્તમ ચેમ્બર્સ, બંધારાનો ખાંચો, માણેક ચોક, અમદાવાદ.

ફોન : (૦૭૯) ૨૨૧૧૦૭૩૦ (ઘર) (૦૭૯) ૨૩૨૨૭૭૨૧ (મો.) ૯૮૨૫૦૭૬૯૨૩૬


Printed by : Patel Graphicx. Ph. : (079) 25504363